Exchange Offer Rs. 4999/-
Glass Warranty 5 Years
Sunflame

PARMANAND STEEL CENTER
Opp. Khadi Bhandar, Ranjit Road, Jamnagar - 361001.
M. 94846 06565

RNI Regd. No. 38399/62
Postal Regd. No. Jam/GJN/18/2022-2025
At Posted Jamnagar gfy. 361001

www.nobat.com

જામનગર-દેવભૂમિ દ્વારકા
જિલ્લાનું સર્વ પ્રથમ સાંધ્ય દૈનિક

# નોબત

Page 10 Price : ₹ 3.50

NOBAT (GUJARATI EVENING DAILY) PRINTED AT JAMNAGAR (GUJARAT).
30 AUGUST 2025, SATURDAY • Vol. No. 69 • PRICE ₹ 3.50 • ISSUE No. 092

નિલેષ લલિતચંદ્ર વ્યાસ
ગોલ્ડ મેડાલીસ્ટ B.Com., L.L.B.
જ્યોતિષ શિરોમણી
દર અમાસે શિવાલયમાં કાલસર્પ યોગ શાંતિ
નવ ગ્રહના રીયલ રત્નો
સચોટ કોમ્પ્યુટર જન્માક્ષર
વ્યાપારમાં વૃદ્ધી
સચોટ મેળાપક
લક્ષ્મી પ્રાપ્તી
વૈદિક કર્મકાંડ વાસ્તુ શાસ્ત્ર
શ્રેષ્ઠ આરોગ્ય

ભાર્ગવ જ્યોતિષ કાર્યાલય
૧૦૧-ચૈતન્ય કોમ્પ્લેક્ષ, આર્ય સમાજ સ્કૂલ સામે, જામનગર
PH. 2663 108, Mob: 9426471 108, 99242 28528
www.bhargavjyotishkaryalay.in

■ Founder Editor: Late Ratilal Madhvani ■ Editor, Printer Publisher: Pradip Madhvani ◆ Owner: Madhvani Prakashan (Nobat) ◆ Printing at: Nobat Press, Nobat Bhavan, Pancheshwar Tower Road, Jamnagar ◆ Phone: 2670924/2555924 ◆ Fax: 2553752

## હિંમતનગરમાં ધોધમાર વરસાદથી જળબંબાકારઃ ઉમરેઠમાં સાડા ચાર ઈંચ વરસાદઃ રાજ્યના ૪૦ તાલુકાઓમાં વરસાદઃ

# પંચમહાલના હાલોલમાં આભ ફાટ્યુઃ ચાર કલાકમાં ૯ ઈંચ વરસાદ

અમદાવાદ તા. ૩૦: પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં વહેલી સવારથી શરૂ થયેલ મુશળધાર વરસાદના કારણે સમગ્ર હાલોલ શહેર પાણીમાં ગરકાવ થઈ ગયું છે. સવારના ૬થી ૧૦ વાગ્યા સુધીના ચાર કલાકમાં ૯ ઈંચ વરસાદ નોંધાતા હાલોલ શહેરના હવેલી થાકમાર્કેટ, બસ સ્ટેન્ડ, કંજરી રોડ સહિતના વિસ્તારોમાં પાણી ફરી વળ્યા છે. બીજી બાજુ હાલોલ શહેરમાંથી પસાર થતાં બાયપાસ વનવેમાં પાણી ફરી વળતા આખા રોડ રસ્તાઓ પાણીમાં જળમગ્ન થઈ ગયા છે.

### નર્મદા ડેમના ૧૫ દરવાજા ખોલાતા ૨૭ ગામોને કરાયા એલર્ટઃ તાપીના ગૌમુખ ધોધમાં નવસારીની ત્રણ મહિલાઓ તણાઈ ગઈ

હાલોલ શહેરમાં અવિરત પડી રહેલા વરસાદના પગલે હાલોલ બાયપાસ રોડ ઉપર આવેલ જ્યોતિ સર્કલ ફાયર સ્ટેશન સામે આવેલ સીએનજી પંપ પાસે ચારથી પાંચ મજૂરો પાણીમાં ફસાયા હતા, જેને હાલોલ ફાયર વિભાગની ટીમે રેસ્ક્યૂ કરીને ધસમસતા પાણીના પ્રવાહમાંથી બહાર કાઢી બચાવ કર્યો હતો.

આણંદ જિલ્લાના ઉમરેઠ પંથકમાં આજે સવારથી જ ગાજવીજ સાથે વરસાદ વરસવા લાગ્યો હતો. સવારે ૮થી ૧૦ વાગ્યા સુધીના બે કલાકના સમયગાળામાં જ ૧૧૦ મિમી એટલે કે સાડા ચાર ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો. જેને પગલે ઉમરેઠ નગરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયાં હતાં. ઉમરેઠ બસસ્ટેન્ડથી લાલ દરવાજા થઈ ઓડ ચોકડી સુધીના હાઈવે પર પણ પાણી ભરાઈ જવાથી વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયાં હતાં.

સાબરકાંઠાના વિજયનગર સહિત ઉપરવાસમાં વરસાદી માહોલ છવાયો છે. રાજસ્થાનમાં વરસાદને લઈને હરણાવ નદી અને બૂસી વડલી નદી બે કાંઠે વહી રહી છે. નદીમાં પાણી આવતા ફરીથી સરસવ સ્કૂલમાં પાણી ફરી વળ્યા છે. પાણીના પ્રવાહમાં ૨૫ જેટલા શાળાના બાળકો ફસાયા હતા. ગ્રામજનોએ ૨૫થી વધુ બાળકોનું રેસ્ક્યૂ કર્યું છે.

આ ઉપરાંત અંકલેશ્વર પંથકમાં ત્રણ યુવક પર વિજળી ત્રાટકતાં એકનું મોત થયું હતું. જ્યારે અન્ય બે ગંભીર રીતે દાઝી ગયા હતા. બનાસકાંઠાના વરસાદી માહોલ ચાલુ રહ્યો હતો. હિમ્મતનગર શહેરમાં વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતાં.

તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના દીણ ગામે આવેલા ગૌમુખ ધોધમાં નવસારીની ત્રણ મહિલા નાહવા ઉતરી હતી. આ દરમિયાન ઉપરવાસમાંથી પાણીનો અચાનક પ્રવાહ વધી જતા ત્રણેય મહિલા તણાઈ ગઈ. સ્થાનિક લોકોના પ્રયત્નોથી બે મહિલાઓને બચાવી લેવામાં આવી હતી, જ્યારે ૬૮ વર્ષીય ભાનુબેન ગોરાસેનું દુર્ભાગ્યે મોત નિપજ્યું હતું.

સાબરકાંઠા જિલ્લામાં મેઘરાજા મહેરબાન થયા છે અને મોડી રાત બાદ હિંમતનગર શહેર તેમજ ગ્રામ્ય પંથકમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. અનરાધાર વરસાદને કારણે હિંમતનગર શહેરના અનેક વિસ્તારો જળબંબાકાર થયા છે, જ્યારે પોશ વિસ્તારોમાં પણ ઘરોમાં પાણી ઘૂસી જતાં લોકો મુશ્કેલીમાં મુકાયા છે.

રાત્રિના સમયે શરૂ થયેલો વરસાદ સવાર સુધી વરસતા રહ્યો હતો, જેના કારણે શહેરના નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ખાસ કરીને શહેરના પૂર્વ વિસ્તારમાં પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. અહીંના પોશ વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા, અને કેટલાક ઘરોમાં પણ પાણી ઘૂસી ગયા હતા, જેના કારણે લોકોને ભારે હાલાકી ભોગવવી પડી છે. વરસાદના પાણીમાં અનેક મોંઘી કાર પણ ડૂબી ગઈ હોવાનું જાણવા મળ્યું છે.

ગ્રામ્ય પંથકમાં પણ સારો વરસાદ પડ્યો હોવાથી ખેડૂતોમાં ખુશીનો માહોલ છે. જોકે, શહેરમાં અનરાધાર વરસાદથી ઉભી થયેલી સ્થિતિને સામાન્ય બનાવવા માટે તંત્ર દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી છે.

#### ગુજરાતમાં સિઝનનો ૮૮ ટકા વરસાદ

ગુજરાતમાં હજુ સુધી સિઝનનો ૮૮ ટકા જેટલો વરસાદ વરસી ચૂક્યો છે. જેમાં ૪૩ તાલુકામાં ૪૦ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યના ૧૦૩ તાલુકામાં ગુરૂવારે મેઘમહેર થઈ હતી. જેમાં તાપીના ડોલવણમાં બે કલાકમાં પાંચ સહિત સૌથી વધુ ૭ ઈંચ વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગ દ્વારા હજુ સાત દિવસ ગુજરાતમાં ભારે વરસાદ માટે એલર્ટ આપવામાં આવ્યું છે.

કબુતર જાળી
BIRD NO ENTRY
Bird net Service & Spike Fitting
OM ENTERPRISE • Vinaybhai
Galaxy Cinema Road, Street No.2, Jamnagar
Mo. 96622 41432

પ્લોટ વેચવાના છે
ક્રિષ્ના પાર્ક, લાલપુર ચોકડી, ૧૮ મીટરના મેઈન રોડ ઉપર,
પ્રાઈમ લોકેશન - પ્લોટ
વ્યાજબી ભાવે આપવાના છે
સંપર્ક કરવો : સવારે ૯ થી સાંજે ૮
92277 33535

### કાર્ટુન કોર્નર

સંજય કોરીયા

## મેઘાની મહેર ને ક્યાંક કહેર વચ્ચે, ઉખડવા લાગ્યા ભ્રષ્ટાચારના પોપડાં... જવાબદારી કરો નક્કી...

મેઘરાજાનો નવો રાઉન્ડ આવ્યો તેથી ખેડૂતોના જીવનમાં જીવ આવ્યો હતો અને જળાશયો ભરાવા લાગતા લોકોને આગામી વર્ષમાં પીવાના પાણીની તકલીફ પણ નહીં પડે, પરંતુ જ્યાં જ્યાં ભારે પૂર અને લેન્ડ સ્લાઈડના કારણે લોકોને નુકસાન થાય, ત્યાં ત્યાં ચિંતાત્મક સ્થિતિ પણ ઊભી થતી હોય છે, જેથી આ મુદ્દે ચર્ચા થાય અને અસરગ્રસ્તોને મદદરૂપ થવા સરકાર અને સમાજ ઝડપભેર કદમ ઉઠાવે, તેવી ઇચ્છા હંમેશા રહેતી હોય છે. વૈષ્ણોદેવી નજીક લેન્ડ સ્લાઈડથી મચેલી જીવલેણ તબાહીએ દેશવાસીઓને કંપાવી દીધા હતા. અને હવે અસરગ્રસ્તો તથા મૃતકોના પરિવારોને મદદરૂપ થવું એ સૌની ફરજ પણ છે.

ગુજરાતીઓ ઉત્સવપ્રેમી અને પર્યટનપ્રેમી હોય છે અને તહેવારોમાં મોજ-મસ્તી અને પ્રવાસ કરવાના આયોજનો પહેલેથી જ થઈ જતા હોય છે, તેથી જ વરસાદ વરસવા છતાં મેળાઓની લોકોએ મોજ માણી અને હજુ પણ મેળાના મનોરંજનનો માહોલ સમાપ્ત થયો નથી. વરસતા વરસાદ અને પૂરની સ્થિતિ વચ્ચે પણ મોજમજા કરીએ તે સારી વાત છે, પરંતુ, જોખમી ટ્રબે સેલ્ફી લઈએ, વહેતા પાણીના પ્રવાહમાંથી જોખમી રીતે વાહન ચલાવવાનો પ્રયાસ કરીએ કે લેન્ડ સ્લાઈડ થતી હોય કે ભારે-અતિભારે વરસાદ, પૂર કે સુનામિની આગાહી થઈ હોય ત્યાં પ્રવાસ કરવાની કે એડવેન્ચર કરીએ, તે કોઈપણ રીતે ઈચ્છનિય પણ નથી અને યોગ્ય પણ નથી.

ગુજરાતના કેટલાક વિસ્તારોમાં મેઘાની મહેર થી લોકોની જીવાદોરી સમા ડેમો છલકાઈ ગયા છે, તો કેટલાક સ્થળે દરવાજા ખોલવા પડ્યા, તે પછી પૂરની પરિસ્થિતિ પણ ઊભી થઈ ગઈ. ઘણાં સ્થળે વીજપુરવઠો ખોરવાઈ ગયો તો ઘણાં સ્થળે માર્ગો બંધ થઈ જતા લોકો અટવાયા, પરંતુ, એકંદરે શ્રીકાર વરસાદથી લોકો ખુશ

અનુસંધાન પૃષ્ઠ (૪) પર

### કુદરતનો આકરો પ્રકોપ

## જમ્મુ-કાશ્મીરમાં ભૂસ્ખલનમાં સાત મૃતદેહ મળ્યાઃ રામબનમાં વાદળ ફાટતાં ત્રણના મોત

### પંજાબના અટ્ટીસો ગામમાં ભરાયા પાણીઃ આઠના મૃત્યુ

નવી દિલ્હી તા. ૩૦: જમ્મુ-કાશ્મીરના રિયાસી જિલ્લાના બદર ગામમાં ભૂસ્ખલન થયું હતું. અત્યાર સુધીમાં કાટમાળમાંથી સાત મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે. અહીં વધુ લોકો ફસાયેલા હોવાની આશંકા છે. અન્ય લોકોની શોધખોળ ચાલુ છે.

જમ્મુ-કાશ્મીરના રામબનના રાજગઢમાં શનિવારે સવારે વાદળ ફાટવાથી ત્રણ લોકોના મોત થયા છે. બે લોકો ગૂમ છે. આખા વિસ્તારમાં ઘણો કાટમાળ ફેલાયેલો છે. અહીં રેસ્ક્યૂ-સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

તેમજ શુક્રવારે મોડી રાત્રે હિમાચલ પ્રદેશના મંડીના ગોહરમાં વાદળ ફાટ્યું. નંદી પંચાયતના નાસેની નાલામાં ઘણા વાહનો તણાઈ ગયા. શિમલાના જુટોગ કેન્ટમાં ભૂસ્ખલન થયું. સેનાના રહેણાંક મકાનોને ખાલી કરાવવામાં આવ્યા હતાં.

પંજાબના અમૃતસર, પઠાણકોટ સહિત ૮ જિલ્લામાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. ૨૫૦ થી વધુ ગાડમાઓમાં ૫ થી ૧૫ ફૂટ પાણી ભરાઈ ગયું છે. પૂરમાં અત્યાર સુધીમાં ૮ લોકોના મોત થયા છે. ત્રણ લોકો ગૂમ છે.

ઉત્તરાખંડના ચમોલી, રૂદ્રપ્રયાગ, ટિહરી અને બાગેશ્વરમાં વાદળ ફાટવાની ઘટના બની હતી. આ દુર્ઘટનામાં પાંચ લોકોના મોત થયા છે અને અગિયાર લોકો ગૂમ થયા છે. બાગેશ્વરના કાપકોટમાં પણ ઘણા ઘરોને નુકસાન થયું છે.

યુપીના ૧૮ જિલ્લા પૂરની ઝપેટમાં છે. વરસાદ અને પૂરને કારણે રાજ્યમાં અત્યાર સુધીમાં ૭૭૪ ઘરો ધરાશાયી થયા છે. વારાણસીના તમામ ૮૪ ઘાટનો સંપર્ક તૂટી ગયો છે. બલિયામાં ૧૦ હજાર ઘરોમાં પૂરના પાણી ભરાઈ ગયા છે.

જમ્મુ અને કાશ્મીરના કટરામાં વરસાદને કારણે વૈષ્ણોદેવી યાત્રા પાંચ દિવસ માટે બંધ કરવામાં આવી છે. ૨૬-ઓગસ્ટના યાત્રા રૂટ પર ભૂસ્ખલનમાં ૩૪ લોકોના મોત થયા હતાં. મહારાષ્ટ્રના લાતુર અને નાંદેડમાં ૫૦ રસ્તાઓ અને પૂલો પાણીમાં ડૂબી ગયા છે.

Muthoot Finance
ભારતની સૌથી મોટી ગોલ્ડ લોન એનબીએફસી^
2.5 લાખ+ ગ્રાહકોની દરરોજ સેવા* | 7,300+ શાખાઓ*

તરત ગોલ્ડ લોન
ગ્રાહકોને રીફર કરો અને જીતો શાનદાર ઈનામ^^
7 સ્તરની સુરક્ષા
આકર્ષક વ્યાજ દર
INDIA'S #1 MOST TRUSTED FINANCIAL SERVICES BRAND 2025*
ઑનલાઇન ચૂકવણીની સુવિધા
સુવિધા મુજબ ચૂકવણીનો વિકલ્પ
1800 313 1212
muthootfinance.com
Muthoot Family - 800 years of Business Legacy

### અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પને કોર્ટનો સણસણતો તમાચો...!

# યુએસ અપીલ કોર્ટે ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફને ગેરકાનૂની ગણાવ્યા

### ટેરિફ મુદ્દે લડત સુપ્રિમકોર્ટમાં જવાની શક્યતા

વોશિંગ્ટન તા. ૩૦: અમેરિકામાં ગઝબની સ્થિતિ ઊભી થઈ છે. કોર્ટે ડોનાલ્ડ ટ્રમ્પના હથિયાર પર હથોડાથી પ્રહાર કર્યો છે. ટ્રમ્પના ટેરિફને ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યો છે. યુએસ અપીલ કોર્ટે પોતે સ્વીકાર્યું છે કે, ડોનાલ્ડ ટ્રમ્પનો ટેરિફ ગેરકાયદેસર છે. તે ગેરકાનૂની છે. યુ.એસ. અપીલ કોર્ટે પોતાના નિર્ણયમાં સ્પષ્ટપણે કહ્યું હતું કે, ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા મોટાભાગના ટેરિફના નિયમો કાયદા અનુસાર નથી. જોકે, ડોનાલ્ડ ટ્રમ્પે આ નિર્ણય પછી કહ્યું હતું કે, ટેરિફ હજુ પણ અમલમાં છે.

ભારત સહિત વિશ્વભરના દેશો સામે ટેરિફ યુદ્ધ છેડનારા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને યુએસ કોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. એક અપીલ કોર્ટે શુક્રવારે પોતાના નિર્ણયમાં ટ્રમ્પના મોટાભાગના ટેરિફને ગેરકાયદેસર જાહેર કર્યા છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફને યુએસ વિદેશ નીતિનો આધારસ્તંભ બનાવ્યો છે અને તેનો ઉપયોગ રાજકીય દબાણ બનાવવા અને યુએસમાં માલ નિકાસ કરતા દેશો સાથે વેપાર કરારો પર ફરીથી વાટાઘાટો કરવા

માટે કર્યો છે.

કોર્ટના ૭-૪ બહુમતીના નિર્ણયથી નીચલી કોર્ટના નિષ્કર્ષની પુષ્ટિ થઈ છે કે, ટ્રમ્પે ટેરિફ લાદવા માટે કટોકટીની આર્થિક શક્તિઓનો ઉપયોગ કરીને પોતાની સત્તાનો ભંગ કર્યો છે. આ નિર્ણયને ટ્રમ્પની વેપાર નીતિ પર સીધો હુમલો માનવામાં આવી રહ્યો છે અને હવે આ અંગે આગામી કાનૂની લડાઈ સુપ્રિમકોર્ટમાં થવાની શક્યતા છે.

કોર્ટે કહ્યું કે, આ કાયદો રાષ્ટ્રપતિને જાહેર કરાયેલ રાષ્ટ્રીય કટોકટીના પ્રતિભાવમાં અનેક પગલાં લેવા માટે નોંધપાત્ર સત્તા આપે છે, પરંતુ આમાંથી કોઈપણ કાર્યવાહીમાં ટેરિફ, ડ્યુટી અથવા સમાન પગલાં લાદવાનો અથવા કર વસૂલવાનો અધિકાર સ્પષ્ટપણે સામેલ નથી. જો કે, કોર્ટે ટેરિફને મધ્ય ઓક્ટોબર સુધી ચાલુ રાખવાનો સમય આપ્યો હતો, જેથી ટ્રમ્પ વહીવટીતંત્ર તેને સુપ્રિમકોર્ટમાં પડકારી શકે.

જો કે, અમેરિકન પ્રેસીડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે કોર્ટના નિર્ણયની ટીકા કરી કોર્ટના નિર્ણયને ખોટો હોવાનું જણાવ્યું છે અને ટેરિફ યથાવત જ રહેશે, અને ટેરિફ એ વેપાર ખાધ તથા વિદેશી વેપાર અવરોધોનો સામનો કરવા ઉત્તમ માર્ગ છે.